પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૩૨ | ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૨, સોમવાર; મહા સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# યુક્રેનની સરહદે મહાયુદ્ધના ભણકારા

**રશિયાની જળસીમામાં ઘૂસી અમેરિકાની એક સબમરીન : અમેરિકા અને રશિયા બન્ને દેશો આમને સામને આવી રહ્યા હોવાની ખબરો વચ્ચે લોકો વધારે ચિંતિત થઈ રહ્યા છે : યુક્રેન નાટોમાં જોડાશે તો યુરોપના દેશો પણ રશિયા સાથે જંગમાં ખેંચાઈ જશે**

વોશિંગટન, તા.૧૩

યુક્રેનને લઈને દુનિયાની બે મહાશક્તિશાળી અમેરિકા અને રશિયા હાલત ઘણી તણાવપૂર્ણ બની ગઈ છે. રશિયા અને અમેરિકા વચ્ચે જ્યાં યુરોપના પશ્ચિમ ભાગને ઘરેવાની કામગીરી ચાલી રહી છે, જ્યારે બાઈડનની સેનાએ હવે પૂર્વ ભાગ પર પણ પોતાની હરકત તેજ કરી છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખની રશિયાના યુક્રેન પર હુમલાની ચેતવણી વચ્ચે અમેરિકાની સેનાની પરમાણુ સબમરીન રશિયાના જળસીમામાં ઘૂસી ગઈ છે. જેના કારણે રશિયા ભડકી ગયું છે અને બન્ને દેશો વચ્ચેના સંબંધથી કોલ્ડ





વોર તરફ આગળ વધતા દેખાઈ રહ્યા છે. જેના કારણે ત્રીજા વિશ્વયુદ્ધનો ખતરો વધી રહ્યો છે.

રશિયાના સંરક્ષણ મંત્રાલયે કહ્યું કે અમેરિકાની વર્જિનિયા ક્લાસની પરમાણુ સબમરીન તેની જળસીમામાં ઘૂસી છે. જ્યારે રશિયાના યુદ્ધ જહાજે અમેરિકાની સબમરીનને પાણીની સપાટી પર આવવા માટે કહ્યું તો તેણે મેસેજ મળ્યો જ ના હોય તેવું વર્તન કર્યું. એ પછી રશિયાની નૌસેના અમેરિકાની સબમરીન સામે "વિશેષ કાર્યવાહી" કરી છે. રશિયાની નૌસેનાની આ હરકત પછી અમેરિકાની સબમરીન

● અનુસંધાન પાન-૭ પર

# આજે ગોવા, ઉત્તરાખંડ અને ઉત્તરપ્રદેશની ૫૫ બેઠકો માટે મતદાન

નવી દિલ્હી, તા.૧૩

આવતીકાલે એટલે કે ૧૪મી ફેબ્રુઆરીએ ગોવા અને ઉત્તરાખંડમાં એક જ દિવસે અનુક્રમે ૪૦ અને ૭૦ બેઠકો માટે મતદાન યોજાશે. બંને રાજ્યોમાં કસમેકશ જંગ છે.

ઉત્તરાખંડમાં આયારામ-ગયારામના માહોલને કારણે બંને પક્ષો એટલે કે ભાજપ અને કોંગ્રેસ ભારે મુંઝવણમાં છે. હરિશ રાવતના નેતૃત્વમાં કોંગ્રેસ છેલ્લા ચાર દિવસથી જોર જમાવી રહી છે. તો બીજી તરફ પ્રધાનમંત્રી મોદી, ગૃહમંત્રી અમીત શાહની ગઈકાલે યોજાયેલી રેલી બાદ રાજકીય ગરમાવો વધ્યો છે. આવતીકાલે પૂર્વ મુખ્યમંત્રી હરિશ રાવત અને મુખ્યમંત્રી પુષ્કર ધામીનું ભાવી ઈવીએમમાં સીલ થશે.

ગોવા દેશનું સૌથી નાની વિધાનસભાવાળું રાજ્ય છે. જ્યારે ત્રિપાંખીયો જંગ જામ્યો છે. અને ક્યાંક ક્યાંક ટીએમસી-શીવસેનાનું ગઠબંધન પણ મુખ્ય પક્ષોના મત કાપે છે. ગોવાના કુલ મતદારો ૧૧.૪૫ લાખ છે. એટલે એવું કહેવાય છે કે, માત્ર ૬ થી ૭ મત મેળવનાર અહીં વિજયી બને છે.

પૂર્વ મુખ્યમંત્રી અને પૂર્વ કેન્દ્રીય સંરક્ષણ મંત્રી મનોહર પારીકરના પુત્રને ટિકિટ ન અપાતા ભાજપ પણ અફસોસ અનુભવે છે. અને તેના કારણે જંગ ભારે રસાકસી વાળો બને છે. ગોવામાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે મુખ્ય જંગ છે. પરંતુ પહેલી વખત આમ આદમી પાર્ટી પણ આક્રમકતાથી પ્રચાર કરતા જંગ ત્રિપાંખીયો બને છે.

સોમવારે ઉત્તરપ્રદેશમાં બીજા તબક્કામાં ૯ જિલ્લાની ૫૫ બેઠકો પર મતદાન યોજાશે. જેમાં સમાજવાદી પાર્ટીના ગઠબંધન અને ભાજપ વચ્ચે રસાકસીભર્યો જંગ ખેલાશે. જ્યારે ત્રણેક બેઠક પર બસપા જોર જમાવતી હોવાથી ત્રિપાંખીયો જંગ થશે. ૫૫માંથી ૨૫ બેઠકો પર ૪૦ ટકાથી વધુ મુસ્લિમ મતદારો હોવાથી મતદાન નિર્ણાયક બનશે. સાથોસાથ દલિત અને વાલ્મિક સમાજ પણ અનુક્રમે ૧૭ અને ૮ ટકા મતદારો ધરાવતો સમાજ હોવાથી બસપા કોના કેટલા મત કાપે છે તેના પર પરિણામનો આધાર રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૦૧૭માં ભાજપને ૩૫ અને સપાને ૧૩ બેઠકો અને કોંગ્રેસને ૨ બેઠકો મળી હતી.

## અમારી સરકાર બનશે તો દર વર્ષે ફ્રી ૮ ગેસ સિલિન્ડર આપીશું : ચન્ની

**પંજાબમાં સત્તાધારી કોંગ્રેસ અને તમામ વિપક્ષી પાર્ટીઓ લોકોને આકર્ષવા માટે વિવિધ વચનો આપી રહી છે**

ચંદીગઢ, તા.૧૩

પંજાબમાં વિધાનસભા ચૂંટણીમાં જોરશોરથી પ્રચાર અભિયાન ચાલી રહ્યું છે. સત્તાધારી કોંગ્રેસ અને તમામ વિપક્ષી પાર્ટીઓ લોકોને આકર્ષવા માટે વિવિધ વચનો આપી રહી છે.

પ્રચાર દરમિયાન મતદારોને રીઝવવા માટે આક્ષેપો અને પ્રતિઆક્ષેપોથી અનેક વચનો આપવામાં આવી રહ્યા છે. પંજાબના મુખ્યમંત્રી ચરણજીત સિંહ ચન્નીએ કોંગ્રેસ સરકાર પરત ફરવા પર લોકોને મફત ગેસ સિલિન્ડર આપવાનું વચન આપ્યું છે. આ સાથે મુખ્યમંત્રીએ કહ્યું છે કે ગરીબ અને જરૂરિયાતમંદ મહિલાઓની વિશેષ કાળજી રાખીને આર્થિક મદદ પણ કરવામાં આવશે.

પંજાબના મુખ્યમંત્રીએ જાહેરાત કરી છે કે જો રાજ્યમાં ફરીથી કોંગ્રેસની સરકાર બનશે તો સરકાર દર વર્ષે લોકોને ૮ ગેસ સિલિન્ડર મફતમાં આપશે. આ સાથે મુખ્યમંત્રી ચન્નીએ ગરીબ અને જરૂરિયાતમંદ મહિલાઓને દર મહિને ૧૧૦૦ રૂપિયા આપવાનું વચન આપ્યું છે. આ પહેલા શનિવારે પંજાબના મુખ્યમંત્રી ચરણજીત સિંહ ચન્ની કોંગ્રેસના ઉમેદવાર મનીષ બંસલના પક્ષમાં પ્રચાર કરવા બરનાલા પહોંચ્યા હતા.

આ દરમિયાન તેમણે કહ્યું હતું કે બરનાલાના લોકો એક તરફ વળી ગયા છે અને કોંગ્રેસ પાર્ટી જીતવા માંગે છે. તેમણે દાવો કર્યો હતો કે આ વખતે રાજ્યમાં માત્ર કોંગ્રેસની જ સરકાર બનવા જઈ રહી છે.

આ સાથે મુખ્યમંત્રી ચરણજીત સિંહ ચન્નીએ શનિવારે પ્રચાર દરમિયાન કેપ્ટન અમરિંદર, આમ આદમી પાર્ટીના કન્વીનર અરવિંદ કેજરીવાલ અને ભગવંત માન પર પણ નિશાન સાધ્યું હતું.

## કર્ણાટકમાં ઉડુપી જિલ્લાની તમામ શાળાઓની આજુબાજુ કલમ ૧૪૪ લાગૂ

**હિજાબ વિવાદ વચ્ચે ઉડુપી જિલ્લા પ્રશાસનનો નિર્ણય : હાઈસ્કૂલોના ૨૦૦ મીટરના દાયરામાં ભેગા થવા પર રોક લગાવાઈ : સરઘસ-નારેબાજી પર પ્રતિબંધ રહેશે**

ઉડુપી, તા.૧૩

હિજાબ વિવાદ વચ્ચે કર્ણાટકના ઉડુપી જિલ્લા પ્રશાસને જિલ્લામાં તમામ હાઈસ્કૂલોની આજુબાજુ વિસ્તારમાં ૧૪ ફેબ્રુઆરીથી લઈને ૧૯ ફેબ્રુઆરી સુધી કલમ ૧૪૪ લાગૂ કરી દીધી છે. આ દરમિયાન હાઈસ્કૂલોના ૨૦૦ મીટરના દાયરામાં ભેગા થવા પર રોક લાગશે. કોઈ પણ પ્રકારના સરઘસ અને નારેબાજી પર પ્રતિબંધ રહેશે.



અત્રે જણાવવાનું કે ઉડુપી જિલ્લા પ્રશાસનનો આ આદેશ ૧૪ ફેબ્રુઆરીના રોજ સવારે ૬ વાગ્યાથી લઈને ૧૯ ફેબ્રુઆરીની સાંજે ૬ વાગ્યા સુધી લાગુ રહેશે. આદેશ મુજબ હાઈસ્કૂલોના ૨૦૦ મીટરના દાયરાની અંદર પાંચ કે તેનાથી વધુ લોકોના ભેગા થવા પર રોક રહેશે. પ્રદર્શન અને રેલીઓ પર પ્રતિબંધ રહેશે. નારેબાજી કરવા, ગીત ગાવા કે ભાષણ દેવા પર કડક પ્રતિબંધ રહેશે.

શાળાઓ સોમવારથી ફરી ખુલવાની સાથે આ પગલાંને સુરક્ષા કારણોસર જોવામાં આવી રહ્યું છે. વિદ્યાર્થીઓના પ્રદર્શનની સ્થિતિ ફરીથી ઊભી ન થાય તે માટે કલમ ૧૪૪ લાગૂ કરવામાં આવી છે. અત્રે જણાવવાનું કે કલમ ૧૪૪ લાગૂ થયા બાદ વિસ્તારમાં પૂતળું બાળવું, ફટાકડા ફોડવા, હથિયારો અને પથ્થર લઈ જવા કે દેખાડવા, જાહેરમાં મીઠાઈ વહેંચવી અને જાહેર સ્થળ પર કોઈ પણ પ્રકારનો અસભ્ય વ્યવહાર કરવો પ્રતિબંધિત રહેશે.

નોંધનીય છે કે કર્ણાટક હાઈકોર્ટે હિજાબ વિવાદ પર સુનાવણી કરતા ગુરુવારે આદેશ આપ્યો હતો કે અંતિમ આદેશ સુધી વિદ્યાર્થીઓ માટે કોઈ પણ ધાર્મિક પ્રતિકની મંજૂરી નથી. હાઈકોર્ટના આ વચગાળાના આદેશ બાદ હવે શાળા અને કોલેજોમાં હિજાબ અને ભગવા શાલ બંનેના ઉપયોગ પર પ્રતિબંધ રહેશે.

## ભારત શરીયત પ્રમાણે નહીં બંધારણ પ્રમાણે ચાલશે : આદિત્યનાથ યોગી

**દરેક સંસ્થાને પોતાનો ડ્રેસ કોડ તૈયાર કરવાનો અધિકાર છે, બંધારણ પ્રમાણે વ્યવસ્થા ચાલશે : યોગી આદિત્યનાથ**

નવી દિલ્હી, તા.૧૩

ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણીમાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે સંપૂર્ણ તાકાત લગાવી દીધી છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ વિરોધીઓ પર પ્રહાર કરવાની એક પણ તક છોડી રહ્યાં નથી. ઔરૈયામાં ચૂંટણી સભાને સંબોધિત કરતા મુખ્યમંત્રી યોગીએ કર્ણાટકમાં ચાલી રહેલા હિજાબ વિવાદનો ઉલ્લેખ કરતા વિરોધીઓ પર નિશાન સાધ્યુ છે. કર્ણાટકમાં ચાલી રહેલા હિજાબ વિવાદ પર અલગ-અલગ પ્રકારની રાજકીય પ્રતિક્રિયાઓ સામે આવી રહી છે. આ વચ્ચે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આજે ઔરૈયામાં હિજાબ વિવાદ પર કહ્યુ કે, દેશ શરિયાથી નહીં પરંતુ બંધારણથી ચાલશે. દરેક સંસ્થાને પોતાનો ડ્રેસ કોડ તૈયાર કરવાનો અધિકાર છે. બંધારણ પ્રમાણે વ્યવસ્થા ચાલશે. મુખ્યમંત્રીએ કહ્યુ- ગજવા-એ-હિન્દનું સપનું જોનારા તાલિબાની વિચારના ધર્માંધ ઉન્માદી આ વાત ગાંઠ બાંધી લે... તે રહે કે ન રહે. ભારત શરીયત પ્રમાણે નહીં બંધારણ પ્રમાણે ચાલશે. જય શ્રી રામ. તેમણે કહ્યુ- જિલ્લા ઔરૈયામાં રાષ્ટ્રવાદની લહેર લેતા આ જન-સમુદ્રમાં ભાજપના પ્રચંડ વિજયની હુંકાર છે. જિન્નાવાદીઓનું જિન્ન જનતા ઉતારી રહી છે. ધન્યવાદ ઔરૈયા વાસીઓ. મુખ્યમંત્રી યોગીએ કહ્યુ હતુ કે પ્રથમ ફેઝ બાદ વિપક્ષનો ચહેરો કરમાઈ ગયો છે. ગરમી શાંત કરવા પોતાના નિવેદન પર મુખ્યમંત્રી યોગીએ કહ્યુ કે, જે લોકો કૈનારાના પલાયન માટે, તોફાનો માટે જવાબદાર હતા ચૂંટણીની જાહેરાત બાદ બહાર નિકળી ગયા.

## શ્રદ્ધાંજલિ



સ્વ. રમેશભાઈ કાશીભાઈ પટેલ
સ્વર્ગવાસ : તા. ૧૦-૨-૨૦૨૨

રડી પડે છે આંખો અમારી,
જોઈ તસવીર તમારી,
મન હજુ માનતું નથી કે
આપ અમારી વચ્ચે નથી,
હર પળે તમારા હોવાનો
આભાસ થયા કરે છે,
જીવન એવું જીવી ગયા કે
મૃત્યુ પણ રડી પડ્યું,
પુરુષાર્થ કરી શુન્યમાંથી સર્જન કર્યું,
સુખને છલકાવ્યું નહી, દુઃખને દેખાડ્યું નહીં,
વ્યવહાર કદી ચુક્યા નહીં.
આપની અમારા પ્રત્યેની લાગણી
અને પ્રેમ કદી ભુલાશે નહીં.
પ્રભુ આપના દિવ્ય આત્માને
શાંતિ અર્પે એજ પ્રાર્થના...

લિ.

પોપટભાઈ વિઠ્ઠલભાઈ પટેલ — પૂર્વ ધારાસભ્ય, ગાંધીનગર
કાલીદાસ વિઠ્ઠલભાઈ પટેલ — ચેરમેન, ગાં. અર્બન કો.ઓ. બેંક લિ.
જશુભાઈ વિઠ્ઠલભાઈ પટેલ ● કનુભાઈ વિઠ્ઠલભાઈ પટેલ
જગદીશભાઈ કે. પટેલ (J.K.) ● શંભુસિંહ કે. ગોલ
ફર્મ : અંબિકા ટ્રેડર્સ, સેક્ટર-૨૨, ગાંધીનગર
જશુભાઈ સી. મોદી — ભરતસિંહ પ્રતાપસિંહ ગોલ
દિલીપસિંહ પ્રતાપસિંહ ગોલ — ઘનશ્યામભાઈ પટેલ
વિરેન્દ્રસિંહ વિસાજી ગોલ — નિર્મલસિંહ વાઘેલા
ફર્મ : અંબિકા એન્ટરપ્રાઈઝ, શાલીન કોમ્પલેક્ષ, સેક્ટર-૧૧, ગાંધીનગર

## દેશમાં કોરોનાના ૪૪,૮૭૭ નવા કેસ નોંધાયા

નવી દિલ્હી, તા.૧૩

દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૪૪ હજાર જેટલા નવા કેસ નોંધાયા છે. જે ગઈ કાલ કરતા ૧૧ ટકા ઓછા છે. ગઈ કાલે દેશમાં કોરોનાના નવા ૫૦,૪૦૭ કેસ નોંધાયા હતા. જ્યારે એક દિવસમાં ૮૦૪ દર્દીઓના મોત થયા હતા. દેશમાં હાલ ૫,૩૭,૦૪૫ દર્દીઓ સારવાર હેઠળ છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે જાહેર કરેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાયરસના નવા ૪૪,૮૭૭ દર્દીઓ નોંધાયા છે. જે ગઈ કાલે નોંધાયા હતા તેના કરતા ૧૧ ટકા જેટલા ઓછા છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાથી ૧,૧૭,૫૯૧ લોકો કોરોનાથી સાજા થયા થયા છે.

## મુંબઈ એરપોર્ટ પર વિદેશી મહિલા ૬૦ કરોડના ડ્રગ્સ સાથે ઝડપાઈ ગઈ

**ઝિમ્બાબ્વેની મહિલાએ ટ્રોલી, એક્ઝિક્યુટિવ બેગ, ફાઈલ ફોલ્ડરમાં ડ્રગ્સ સંતાડ્યુ હતું**

મુંબઈ, તા.૧૩

વૈશ્વિક કોરોના મહામારી અને લોકડાઉન બાદથી અત્યાર સુધી દેશના અલગ-અલગ એરપોર્ટ અને પોર્ટ પર કરોડો રુપિયાનું પકડાયુ છે. વિદેશોમાંથી ભારતમાં ડ્રગ્સ સપ્લાયના વધી રહેલા કેસ વચ્ચે મુંબઈ એરપોર્ટ પરથી ૬૦ કરોડ રુપિયાની કિંમતનું ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે.

મુંબઈ એરપોર્ટ ઓથોરિટીએ અહીં એક વિદેશી મહિલાને ૬૦ કરોડ રુપિયાના હેરોઈન અને



મેથેમ્ફેટામાઈન ડ્રગ્સ સાથે ઝડપી લીધી છે. આ મહિલા ઝિમ્બાબ્વેની નાગરિક હોવાનું સામે આવ્યું છે. એરપોર્ટ ઓથોરિટીના એક કસ્ટમ ઓફિસરે આ અંગે જણાવ્યું કે, હરારેથી મુંબઈ એરપોર્ટ પર પહોંચેલી મહિલાએ એની ટ્રોલી અને એક્ઝીક્યુટિવ બેગ સહિત બે ફાઈલ ફોલ્ડરમાં ડ્રગ્સ સંતાડ્યુ હતું.

કસ્ટમ ઓફિસરે જણાવ્યું કે, સીએસઆઈએ મુંબઈમાં કસ્ટમ એર ઈન્ટેલિજન્સ યૂનિટના અધિકારીઓએ ઝિમ્બાબ્વેથી

● અનુસંધાન પાન-૭ પર